## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

**કોઈનાં ભીનાં પગલાં થાશે એવો એક વર્તારો છે;**
**સ્મિત ને આંસુ બન્નેમાંથી જોઇએ કોનો વારો છે ?**
**મારા લગતી કોઈએ બાબત એમાં તો મેં જોઇ નહિ,**
**જીવું છું પણ લાગે છે કે બીજાનો જન્મારો છે !**

**- સૈફ પાલનપુરી.**

### પાથેય

- રમેશ ઠક્કર

## જીવતરની ઘરેડ...

જિંદગીના આરોહ અવરોહની તાસીર અનોખી છે.કભી ખુશી કભી ગમ જેવી એની રમત છે.આપણા જીવનમાં કયારે શું બનશે કેવા સંજોગો સામે આવશે એ બાબતે કોઈ ધારણા થઈ શકતી નથી.બંધ બાજીના રોમાંચ જેવી આપણી હયાતી અને એના હસ્તાક્ષર સાજે જ વિસ્મય પમાડતા રહે છે..કેટલીક યાદો એવી હોય છે જેમાં વિષાદ પણ હોઈ શકે અને એની પછવાડે આનંદ પણ હોઈ શકે..મનગમતી કોઈક વ્યકિતનું આવી જવું એ ખુશીઓના ઉપહાર જેવી ઘટના છે.પરંતુ આવનાર વિદાય પણ થશે એ ગમગીની માટેની જાણે પૂર્વ શરત બની જાય છે..જીવનમાં પોષતું તે મારતું એ ઘટમાળ અનવરત રીતે ચાલતી રહે છે..સ્મિત અને આંસુ પરસ્પર વારાફરતી મળતાં રહે છે...એ ધારણા ઉપરનો ઈંતજાર કયારેક કોઈ સુંદર કવિતા માટેનું કારણ બની જાય છે.

આપણે જીવીએ છીએ..જીવવા મળ્યું છે એટલે ! ના છૂટકે જીવાતા આયખાનો અનુભવો પણ મજાની હોઈ શકે..જીવનને કટપીસમાં જોવાનું હોતું નથી.જિંદગીનો એક સળંગ તાકો હોય છે...એના વણાટમાં પ્રત્યેક ધાગાનું મહત્વ રહેલું છે.કોઈ સુમધુર ગીતને સળંગ સાંભળવાનો લ્હાવો હોય છે..એ ખરૂં કે એના મુખડાથી એનો ઉઘાડ થાય છે..આશા અમર છે એવું કહેવાય છે.અને એ વાત ઉપર જ આમ તો ન્યોછાવર થઈ જવાય એવું હોય છે..અણસારો એ કયારેય જીવનભરનો સહારો બની જતો હોય છે.આપણને કયારેય એવો પ્રશ્ન નથી થતો કે આપણે જે જીવીએ છીએ એમાં આપણું પોતાનું કહી શકાય એવું જીવન કેટલું? આ વિસ્મયને કવિ પોતાના શબ્દોમાં કંડારે છે અને એ રીતે એક મર્મસભર વાત રજૂ કરી જાય છે.

કોઈકે બહુ સરસ શબ્દોમાં જીવનની ફિલસૂફીને વ્યકત કરી દીધી છે ‘જો તમને સવારે ઉઠવામાં આનંદ ન આવે,કામ કરવામાં અને કામ પૂરૂં કરવામાં આનંદ ન આવે,કુટુંબના સભ્યો સાથે કે મિત્રો સાથે બેસીને જમવામાં આનંદ ન આવે,તો તમારા માટે સુખી થવાની તક ઘણી જ ઓછી થઈ જાય છે.જો કોઈ વ્યકિત પોતાના સુખ કે દુઃખ માટે મોટી માતબર નોકરી,ઢગલો એક પૈસા,ઘર્ષણ વિનાનું લગ્નજીવન કે પરદેશની સફર જેવા મોટા મોટા બનાવો ઉપર આધાર રાખે, તો તેને સુખ મળવાની સંભાવના ઓછી છે.’

સુખનો આધાર ઘણીવાર નાના નાના નિર્ભેળ આનંદમાં રહેલો હોય છે.સવારનો મજાનો નાસ્તો કે આપણા કમ્પાઉન્ડમાં ખીલતાં ફૂલો કે ચા પાણીનો આનંદ કે મસ્ત માણેલી ઉંઘ આપણા સુખી હોવા માટે મહત્વનાં પુરવાર થાય છે.આપણે અન્યના સુખો કે બીજાના માપદંડો વડે સરખામણી કરી સુખને પકડવાની કોશિશ કરતા રહીએ છીએ.આપણું જીવતર એ જાણે અન્ય કોઈના આયખાનો ઉતારો હોય એમ મિથ્યા ધખારા કરતા રહીએ છીએ..જીવતરની એક આગવી ઘરેડ હોય છે અને દરેક માટે એ પોતાની અને આગવી પણ હોય છે !

# હિંદુ જનમાનસની ઉદારતાનો ગેરલાભ લેવાય છે

### તંત્રીસ્થાનેથી...

ગુજરાતની તમામ યુનિવર્સિટીઓમાં શિરમોર ગણાતી વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી કાળક્રમે એની ગરિમા ગુમાવતી રહી છે. કયારેક એ દેશમાં જ નહીં, દુનિયાભરમાં ભારતની એક સ્ટાન્ડર્ડ વિદ્યાસંસ્થાનું ફાઈન આર્ટ્સ, પરફોર્મિંગ આર્ટ્સ કે સોશિયલ વર્ક જેના વિશિષ્ટ અભ્યાસક્રમો આપતી શાખાઓ નહોતી ત્યારે આ તમામ ક્ષેત્રે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં નોંધપાત્ર કામગીરી થતી હતી. એમાં પણ ફેકલ્ટી ઓફ ફાઈન આર્ટ્સ દ્વારા તો દેશને નામાંકિત ચિત્રકારો અને શિલ્પકારોની ભેટ મળેલ છે. બેન્દ્રે અને ગુલામ મોહંમદ શેખ જેવી હસ્તીઓ આ ફેકટરી સાથે કાર્યરત રહી વિશ્વકક્ષાની નામના મેળવી ચૂકેલ છે. તાજેતરમાં આ ફેકલ્ટીના એક વિદ્યાર્થી દ્વારા પેપર કટિંગમાંથી બનાવાયેલ હિંદુ દેવીઓની તસવીરોનું પ્રદર્શન વિવાદાસ્પદ બન્યું છે અને હિન્દુ જનમાનસને ઠેસ પહોંચાડતી આવી ‘કલા’ સામે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના કાર્યકરોએ ભારે વિરોધ નોંધાવતા ફેકલ્ટી સામે અનેક પ્રશ્નાર્થો ઊભા થયા છે. વડોદરામાં બનેલ દુષ્કર્મની ઘટના સહિતના સમાચારો દર્શાવતા પેપર કટિંગ્સ હેતુપૂર્વક વાપરીને બનાવેલ હિંદુ દેવીઓની આકૃતિઓ કોઈ મુસલમાન કે ખ્રિસ્તી વિદ્યાર્થીએ નથી બનાવી. એનો કલાકાર છે યાદવ અટક ધરાવતો એક હિંદુ છોકરો. અગાઉ પણ ચંદ્રમોહન યાદવ નામના એક કલાકારના આવા જ કૃત્ય સામે ઊહાપોહ થયો હતો અને ફેકલ્ટી ઓફ ફાઈન આર્ટ્સ વિવાદનું કેન્દ્ર બની હતી. એ વખતે ડીન સુધ્ધાંને ડિસમિસ કરાયા હતા અને વિદ્યાર્થીને ડિગ્રી નહોતી અપાઈ. આ વખતે પણ ડીન વિરુદ્ધ પગલાં લેવા માટેની માગણી મુકાઈ છે અને વિદ્યાર્થી ઉદંડપણે ફરી પણ આવી આકૃતિઓ બનાવશે એવું નિવેદન આપી યુનિવર્સિટીના સત્તાધીશોની નજરમાં નીચે ઊતરી ગયો છે. ત્રણેક દિવસ માટે યુનિવર્સિટીની પરવાનગી વગર ફેકલ્ટીનું શિક્ષણકાર્ય પણ બંધ રાખવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે. મુદ્દો કલાના નામે આચરાતી બેફામ, બેજવાબદારીપૂર્વકની ઉદંડતાનો છે. કલાકારની સ્વતંત્રતાને પણ સામાજિક અને સંસ્કારિતાની મર્યાદાઓ તો પાળવી જ રહી. આખરે વિશાળ જનસમુદાય કે ધર્માનુયાયી પ્રજાની લાગણી દુભાવવાથી કલા કંઈ વધુ ઊંચી નથી બની જતી. જાણીતા વિવાદાસ્પદ ચિત્રકાર એમ.એફ. હુસેનને આ મુદ્દે દેશ છોડીને ભાગવું પડ્યું હતું. કલાના નામે સરસ્વતીને નગ્ન ચીતરવાનો કોઈને અધિકાર જ ન હોવો જોઈએ. ફાઈન આર્ટ્સની કૉલેજોમાં ન્યૂડ પેઈન્ટિંગનો પણ એક વિષય હોય છે. સ્ત્રીને સંપૂર્ણપણે નાગી કરીને સામે બેસાડી એના એકેએક અંગ-ઉપાંગના ઉભાર અને એનું સૌંદર્ય ઊપસાવવાની આ ‘કલા’ અલબત્ત, પુરુષ માનસ માટે મનોરંજન અને પરિતોષનું નિમિત્ત બની શકે ; કદાચ એ મોડેલને પણ નગ્ન થવામાં અને અંગપ્રદર્શન કરવામાં વાંધો ન હોય - પરંતુ દેશની સામાન્ય પ્રજા જે સંસ્કારો અને પરંપરાઓમાં જીવે છે એને તો આવાં અટકચાળાં ન જ ગમે. આપણી ભાષામાં એક કહેવત છે : ‘લૂંગડામાં સૌ નાગાં જ હોય છે.’ વાત તદ્દન સાચી છે. ડૉકટર પાસે કોઈ ગોપનીય તકલીફ વિશે સારવાર કરાવતા જતી વખતે કે સ્ત્રીઓને પ્રસૂતિ વખતે અનિચ્છાએ પણ નગ્ન થવું પડે છે, તે સમજી શકાય એવું છે. વિશ્વના કલાક્ષેત્રે વિકસિત રાષ્ટ્રોમાં ન્યૂડ મ્યૂરલ કે પેઈન્ટિંગ એ સામાન્ય બાબત ગણાય છે. ઈટાલી, ફ્રાંસ કે યુરોપના અન્ય રાષ્ટ્રોમાં આવી ન્યૂડ પ્રતિમાઓ જાહેર ચોકની શોભા ગણાય છે. પરંતુ ભારત એની આગવી સંસ્કારિતા અને મર્યાદાઓ સાથે વિકસેલી સંસ્કૃતિ ધરાવે છે. વાત્સ્યાયનના કામસૂત્રથી લઈ ખજૂરાઓનાં યૌન શિલ્પો સહિત ‘ગીત ગોવિંદ’ જેવા કાવ્યમાં રાધા અને કૃષ્ણની રતિક્રીડા કે ‘કુમાર સંભવ’ માં શિવ પાર્વતીના સંભોગનું રોચક વર્ણન કરનાર કવિઓને પણ આપણે પણ આદરપૂર્વક શિરોધાર્ય કરેલા છે. પરંતુ જયારે સહેતુક બળાત્કાર કે યૌન પ્રદર્શન કરતી કલાકૃતિઓમાં અજાણી સ્ત્રીની જગ્યાએ જનમાનસમાં પૂજનીય ગણાતી દેવીઓને રજૂ કરવી એ તો અયોગ્ય અને નિંદનીય જ ગણાશે. ઈસ્લામમાં તો પયગંબરનું ચિત્ર બનાવનારનું માથું ઉતારી લેવા જેટલી કટ્ટરતા છે. હિંદુ માનસની ઉદારતાનો દુરુપયોગ કે એને ટેકન ફોર ગ્રાન્ટેડ ગણી લેવાની માનસિકતાને સમયસર કાનૂની રીતે દાબી દેવાની જરૂર છે.

# ‘આર.આર.આર.’ જોયા પછી.... ‘અરરર...’

### મન-રંજન

દ્વનિલ પારેખ



‘બાહુબલિ’ ભાગ ૧-૨ ફિલ્મ આવી એ પછી દિગ્દર્શક તરીકે રાજા મૌલીનું નામ એકદમ ચર્ચાવા લાગ્યું. આ ફિલ્મના અભિનેતા પ્રભાસ અને મહારાણીની ભૂમિકા ભજવનાર રમ્યા ક્રિષ્ણનની વધારે ચર્ચા થઈ હતી. જો કે, પ્રભાસની એ પછી જ ફિલ્મો આવી એ કયારે આવી અને ગઈ એની તો પ્રભાસને પણ ખબર નહીં હોય ! પણ વાત રાજા મૌલીની ફિલ્મ ‘આર.આર.આર.’ કરવાની છે. રાજા મૌલીની ફિલ્મ હોય એટલે એમાં લખલૂટ ખર્ચો થયો હોય અને એની સામે અઢળક કમાણી પણ થઈ હોય! જેમ ‘બાહુબલિ’માં થયું એમ જ ‘આર.આર.આર.’ સંદર્ભે પણ થયું અને કમાણીમાં આ ફિલ્મે પણ રેકોર્ડ કર્યો. પણ સમજાતું એ નથી કે ‘બાહુબલિ’ તો ઠીક ‘આર.આર.આર.’ ફિલ્મ આટલી બધી સફળ શા માટે થઈ ? આપણા પ્રેક્ષકોને હવે





આંજી નાખતી વીએફએક્સ ટેકનોલોજી પ્રત્યે એટલું બધું આકર્ષણ થયું છે કે બિલકુલ અવાસ્તવિક લાગે એવી ફિલ્મો પણ અઢળક કમાણી કરી આપે છે.

‘આર.આર.આર.’ ફિલ્મ સિનેમાગૃહમાં જોઈ અને પહેલી સાત મિનિટમાં જ સિનેમાગૃહમાંથી બહાર નીકળી જવાનું મન થયું અને ‘અરરર....’ સિવાય બીજો કોઈ ઉદ્ગાર નીકળતો નહોતો. ફિલ્મ અંગ્રેજોના સમયની છે. બ્રિટીશ સલ્તનત આદિવાસી પ્રજાને પણ કેવી રીતે રંજાડે છે અને એમાંથી બે નાટકો બ્રિટીશ સલ્તનતના પાયા હચમચાવે છે, એવી વાત છે. પણ શરૂઆતમાં જ લાલા લજપતરાયને કેદ કર્યા હોય છે ત્યારે ટોળામાંથી એક યુવાન પથ્થર ફેંકે છે. લાખોની મેદની વચ્ચે એ યુવાનને પકડવાનું કામ એક ભારતીય પોલીસ અફસર કરે છે. આ દશ્ય એટલું બધું અવાસ્તવિક અને પ્રસ્તારી છે, કે કંટાળો આવે. એવી જ રીતે બીજા નાયકની એન્ટ્રી વખતે વાઘ સાથેની લડાઈમાં પણ એ જ અવાસ્તવિકતા અને પ્રસ્તાર. ટૂંકમાં, લાંબા એકશન દશ્યોથી ફિલ્મ લોકોનું મનોરંજન કરવાનો મનસૂબો સેવે છે અને એમાં કમાણી જોતા એ સફળ પણ થયો છે.

સંગીતમાં સીધી ‘બાહુબલિ’ની અસર છે. બેકગ્રાઉન્ડ મ્યુઝિકમાં પણ કશું નવું નથી. દિગ્દર્શક તરીકે રાજા મૌલિ કલ્પનાશીલ છે પણ એ કલ્પના એકશન દશ્યોમાં જ વધારે ખીલે છે. ‘બાહુબલિ’માં તો એ એકશન દશ્યો જોવાની પણ એક મજા આવતી હતી પણ અહીં એ મજા ગાયબ છે. ફિલ્મમાં અજય દેવગણ અને આલિયા ભટ્ટ પણ છે. અજય દેવગણનું તો કંઈક પણ મહત્ત્વ સમજાય છે પણ આલિયા ભટ્ટ? આપણી ફિલ્મોને લવ સ્ટોરી વગર નથી જ ચાલતું. એટલે જ પેલા આદિવાસી નાયકને ગોરી મેમ સાથે પ્રેમ થઈ જાય છે. (કંઈક અંશે આખી વાત ‘લગાન’ને પણ મળતી આવે છે !) એટલે ‘આર.આર.આર.’ જોવા માટે એક રોમાંચ હતો પણ રોમાંચ ઢંગધડા વગરની ફિલ્મ જોવાના પસ્તાવામાં ફેરવાયો.

### દિન મહિમા

- રાષ્ટ્રીય તકનીકી દિવસ.
- ૧૯૯૮માં ભારતે પ્રાયોગિક ધોરણો પોખરણમાં ત્રણ ભૂગર્ભીય પરમાણુ વિસ્ફોટ કર્યા.
- ૨૦૧૨ - રમેશ મહેતાની પુણ્યતિથિ. ગુજરાતી ફિલ્મ હાસ્ય કલાકાર, નાટ્યકાર.

### આજનું ઔષધ

- ૨ ગ્લાસ પાણીમાં ૧ લીંબુનો રસ અડધી ચમચી સાકર નાખી જમવાના અડધા કલાક પહેલાં પીવાથી એસિડિટીમાં રાહત મળે છે.

### ખડખડાટ

- છોકરી (ફોન પર) : આજે મારા પપ્પાએ મને મોબાઈલ લઈ આપ્યો.
  છોકરો : સારું કયો ફોન છે ?
  છોકરી : લાવારીસ
  છોકરો : અરે ડોબી ... Lava Iris ફોન છે તે...!

### આજનો વોટ્સએપ

- જિંદગીમાં કોઈ વસ્તુનો અંત નથી હોતો, હંમેશા નવી શરૂઆત તમારી રાહ જોતી હોય છે.

# ‘કરીએ બહુ બધી દવા વાગ્યા પર ને મા ફૂંક મારી મટાડે એમ પણ બને’...

### એમ પણ બને...

પારૂલ અમિત



*‘‘પહેલું આલિંગન, પહેલું ચુંબન*
*પહેલું હાલરડું એ સંગીત ગુંજન*
*માતા થકી જ તો થયો મારો જનમ*
*મા નો ખોળો મારું આખું ગગન’’*

હા દરેક પહેલો અહેસાસ મા થકી જ થાય છે. અરે દુનિયામાં આવવા માટે પણ મા સિવાય બીજો કયો વિકલ્પ હોય છે?



મરવા માટે ઘણાં વિકલ્પ છે, પણ જન્મ લેવા માટે માટે એક જ રસ્તો છે, અને તે છે મા.

*‘નથી હોતી મા અભણ..*
*એના માં તો છે મેનેજમેન્ટનો અખૂટ ભંડાર*
*ક્યાં થાય છે ક્યારેય મા રિટાયર્ડ*
*એના હાથમાં હોય છે સુરક્ષા કવચ*
*ફૂટે વ્હાલના પાંદડા, એને ના આવે પાનખર’...*

મા નો પ્રેમ અવિરત હોય છે.મા માટે વ્હાલ આજીવન સરખું હોય છે, ગમે તે ઉંમરના થઈએ મા માટે તો બાળક જ રહીએ છીએ.

મા માટે કોઈ એક દિવસ ના હોય.. એનું ઋણ ઉતારવા તો સાત જન્મો પણ ઓછા પડે. પરંતુ જો કોઈ એક દિવસ મળે બધી લાગણીઓ કહેવા માટે તો ખોટું શું છે.

મા દિવસ રોજે રોજ હોય છે.
પણ આજનો દિવસ મા ને સમર્પિત.

દુનિયામાં આજે જો કોઈનો પ્રેમ નિઃસ્વાર્થ રહ્યો હોય તો એ છે માતાનો પ્રેમ.

મા ગમે તે પરિસ્થિતિમાં પણ એક માઁ જ રહે છે. બાળકો જ્યાં સુધી મમ્મીના ખોળામાં, એના આશરામાં હોય ત્યાં સુધી એ નીડર હોય છે. કેટલી શકિત, કેટલી હિંમત અને કેટલી શાંતિ માત્ર મા ના સાથે હોવાથી મળે છે.

એમનામ નથી કહેવાતું કે ’મા તે મા બીજા બધા વગડાના વા’

ઈશ્વરે પ્રેમનું સર્જન કર્યું હશે ત્યારે સૌથી પ્રથમ માતા બનાવવાનું વિચાર્યું હશે.. દુનિયાની દરેક મા ઈશ્વર નો પર્યાય છે.

માણસ હોય કે પશુ પક્ષી કે જીવ જતું... બધા મા ના થકી જ પૃથ્વી પર અવતરણ પામ્યા છે.

ખુદ ઈશ્વરને પણ જન્મ લેવા માની કુખે અવતરવુ પડ્યું.

મા એટલે વાત્સલ્યની મૂર્તિ .

એના જેવી વ્યકિત આ જગતમાં મળે એમ નથી.

મા વિશે માત્ર મા લખીએ એમાં બધું જ આવી જાય, જો લખવા બેસીએ તો શબ્દો ખૂટી પડે એટલે માત્ર મા શબ્દ બધું કહી જાય છે.

કવિ બોટાદકરે પોતાની કવિતામાં કહ્યું છે કે, ‘‘જનનીની જોડ સખી નહિ જડે રે લોલ’

માતાનો જોટો જડવો મુશ્કેલ છે.

બાળકને જન્મ આપનાર અને એને નિસ્વાર્થથી ઉછેર કરી જીવનનું સુયોગ્ય ઘડતર કરનાર માતાની મૂલ્યવાન સેવાનો બદલો વાળી શકાય એમ જ નથી.

જન્મ પહેલાંથી જ બાળકની કલ્પના માત્રથી જ, એ અહેસાસથી જ પ્રેમની લાગણી, હેતની હેલી નીતરવા લાગે છે જે ગર્ભમાં હોય ત્યારે, જન્મ થાય ત્યારે અને આજીવન વ્હાલ વરસાવતી રહે છે.

બાળક ગર્ભમાં હોય ત્યારથી માંડીને એ મોટું ને સમજણું થાય ત્યાં સુધીમાં કેટલાયે કષ્ટો વેઠી આપણા સુખ સુવિધા માટે કેટલોયે ભોગ આપ્યો હોય છે.

મા એ મા જ છે. સંતાન એક હોય કે પાંચ. એનો પ્રેમ.ક્યારેય ગણતરી કરતો નથી. મા અમીર હોય કે ગરીબ એનું વ્હાલ અમૂલ્ય હોય છે.

વાત્સલ્યનુ ઝરણું તો અવિરત પણે વહ્યા જ કરે છે.

અને આ કદર મોટા થઈએ અને આપણે માતૃત્વ ધારણ કરીએ ત્યારે સમજાય.

મારી એક રચના રજુ.કરીશ આ વાત પર.

ભીનામાં એ સૂતી છે હશે , ટાઢો કોળિયો એ જમી હશે .
રાહ એણે સતત જોઈ હશે, જયારે દીકરી મોડી ઘરે પહોંચતી હશે,
ચાલ ! હવે રાહ જોવડાવ્યા વગર હવે તો કરું મમ્મીની કદર....
વેદનાઓ કેટલી સતત ભોગવી હશે..
પપ્પાની સામે પણ થઈ હશે...
કેટલીયે ઠેસ ખાધી હશે.. મારી સાથે દોડપકકડ રમી હશે...
કાંકરી આંખમાં પડી હશે, ત્યારે મમ્મીએ જ ફૂંક મારી હશે...
ચાલ ! કપાળે ફૂંક મારીને હવે તો કરું મમ્મીની કદર...
કશું પણ કહેતી તો ચૂપ કરું એને.. કહી એવું
સારુ સારુ આમ બૂમોના પાડ
પણ સુવાડવા શાંતિથી મને....
લયબધ્ધ એણે હાલરડાં કેટલાય ગાયા હશે..
ચાલ ! શાંતિથી સુવાડી હવે તો કરું મમ્મીની કદર
દોસ્તો જોડે બહાર જમવા એણે બચાવેલા પૈસા આપ્યા હશે
કોઈ બોલે આડું અવળું તો જવાબ જોરદાર આપ્યા હશે ..
ચાલ મોલમાં લઈ જઈ હવે તો કરું મમ્મીની કદર...
મારી પરીક્ષામાં ઉજાગરા એણે વેઠ્યા હશે ,
નોકરી મળે એ માટે ઉપવાસ એણે કર્યા હશે
પણ આખે આખા પગાર મેં એમનામ ઉડાવ્યા છે...
ચાલ કરું નત મસ્તક વંદનને, હવે તો કરું મમ્મીની કદર......
લાગણી સમજી આજે જયારે હું ખુદ માતા બની
એના ડબાતા ડુસ્કાઓ છેક આજે સંભળાયા છે,
મેં તો મારાં બાળ માટે ડાયપર વાપર્યા છે,
પણ એણે તો બાળોતિયાં ધોઈ સુકવ્યા છે.......
પરખ થઈ આજે છેક, હવે તો ધાવણ ના કરજ ચૂકવવા છે...
ચાલ કરું એની છબીમાં ઈશ્વરના દર્શન,
હવે તો કરું મમ્મીની કદર

આ દરેક બાળકે અનુભવ્યું હશે જયારે મા થી વિખુટા પડ્યા હશે, વિદાય થઈ હશે અથવા નોકરીમાં સ્થળાંતર કરવું પડ્યું હશે.....

કલ્પના કરી છે જો માતાને જો ઈશ્વરે પેદા જ ના કરી હોય તો આપણું શું થાત ?

ચાલો કરીએ મા દિવસની ઉજવણી એની કદર કરીને....

# આ તો જાનવર છે, એને શું ખબર હોય કે એના ડંસથી કોઈનું મોત થાશે ?

### જાત સાથે વાત

ધર્મેન્દ્ર ત્રિવેદી



ભગવાન, ખુદા, ઈસુ જેવા અનેકાધિક નામોથી ઓળખાતું અને, જેને હું કુદરત કહું છું તે ચોક્કસ ખુબ જ દૂરંદેશી ધરાવતું તત્વ હોવું જોઈએ. કારણ કે તેણે આ પૃથ્વી પરની જીવસૃષ્ટિ માટે જરૂરી જાતિઓનું સર્જન કર્યા બાદ જ માનવ નામના પ્રાણીને રવાના કર્યું ! પ્રકૃતિને ખબર હશે કે માનવ પોતાના સ્વાર્થમાં અને હિતમાં ગમે તેનો ભોગ લઈ લેતાં અચકાશે નહીં.

ગ્લોબલ વોર્મિંગ જેવી વિકટ સમસ્યાઓની નકારાત્મક અસરો માટે માનવ પ્રાણી પોતે જ જવાબદાર છે. તમે કદી કોઈ સિંહને પોતાનું ઘર કે વ્યવસાય સ્થાપવા માટે વૃક્ષ કાપતો જોયો ? તમે કદી કોઈ મગરને માછલીઓ મારવા માટે સ્ફોટક પદાર્થ અથવા ઝેરી રસાયણો વાપરતો સાંભળ્યો છે ? સર્પને માનવે માત્ર નફરત જ કરી છે અને હળાહળ અન્યાય જ કર્યો છે. કદી ડરના લીધે, તો કદી નર્યા અજ્ઞાનના કારણે. પરંતુ કુદરતના સહસ્તિત્વના સિદ્ધાંતને જીવી જાણતી થોડી વ્યક્તિઓ મેં જોઈ છે. ભારતની સંસ્કૃતિમાં એક તરફ જીવો જીવસ્ય ભોજનમની સમજણ છે, તો સામે પક્ષે જીવો અને જીવવા દોની ઉદાર ભાવના પણ છે.

સર્પ બચાવના આટલા વર્ષો દરમ્યાન મને સાધુ ઔર શયતાન એમ બન્ને પ્રકારના માણસોનો અનુભવ થયો છે. કલ્પના કરો કે તમે નોકરીના સમયમાં પોતાના સ્કુટર પર, ગાંઠનું પેટ્રોલ બાળીને જતા હો, જીવ જોખમમાં નાખતા હો, તેવા સંજોગોમાં કોઈ તમને ઊંચા અવાજે એમ કહે કે ‘‘ભાઈ, આ કાંઈ રીત છે ? તમને ફોન કર્યો ને પંદર મિનિટ થઈ ગઈ, અહિયાં કોઈને સાપ કરડી જાત તો જવાબદારી કોની ?’’ શરૂઆતના વર્ષોમાં કહી પણ દેતો કે ‘‘તારા બાપનો નોકર નથી.’’ આજે કોઈ આવી તોછડાઈ કરે તો સારી રીતે ‘‘મારે પણ નોકરી છે, ગાંઠના ખર્ચે નોકરી છોડીને આવું છું, અને મારી પાસે સ્કુટર છે, હેલિકોપ્ટર નથી એવું કહીને ‘‘હું તમારા પિતાશ્રીનો નોકર નથી’’ એવું શિષ્ટતાપૂર્વક સમજાવી દઉં છું!

આજે મારા અનુભવોના પટારામાંથી એક સોનેરી અવસર યાદ આવ્યો છે. આશરે ઓક્ટોબર ૨૦૧૨ની વાત છે. ચોમાસુ ઉતરવાની તૈયારીમાં હતું અને ગાંધીનગરના કોબાથી અગળ આવતા બરોડા એક્સ્પ્રેસ-વે તરફના રીંગ રોડના ખૂણે આવેલા એક મંદિર પાસેના મકાનમાં સાપ પકડવાનો કોલ આવ્યો. ઘરની અંદર એક મોટો કોબ્રા હતો. એ પકડી લીધો. ડબ્બામાં બંધ કર્યા બાદ આ ખેડૂત પરિવારના વડીલ ’મધુ’બેને અમને ઢોલીયે બેસાડ્યા, પાણી પીવરાવ્યું અને આગ્રહ કરીને ચા મૂકી. ચા બની ત્યાં સુધી અવનવી વાતો ચાલી. એ વાતોમાં એક એવી વાત મધુબહેન પાસેથી જાણવા મળી જે મને હચમચાવી ગઈ. આ નાગ એમના ખેતર અને ઘરની આસપાસ ફર્યા કરતો દેખાતો હતો. મેં રેસ્ક્યુ કર્યો તેના બે થી ત્રણ માસ અગાઉ આશરે જુલાઈ-ઓગસ્ટના ગાળામાં આ જ નાગ મધુબેનના ચાર વર્ષના પૌત્રને ડંસી ગયેલો, અને એમના પૌત્રનું સિવિલ હોસ્પિટલમાં સારવાર છતાં મૃત્યુ નીપજ્યુ હતું.

મેં એમને પૂછ્યું કે તમારા પૌત્રને આ નાગ કરડી ગયો ત્યારે તમે એને કેમ મારી ન નાખ્યો? એમણે જણાવ્યું કે ત્યારે પૌત્રનો જીવ બચાવવાનો હતો. મેં આગળ ખણખોદ કરી કે ‘‘તો આજે તો આ નાગ હાથમાં જ હતો? એમણે કહ્યું ‘‘મારો દીકરો તો મારવા તૈયાર જ થઈ ગયો હતો, પણ મેં ના પાડી, કે આ તો જાનવર છે, એને શું ખબર હોય કે એના ડંસથી કોઈનું મોત થાશે ? એણે તો ડરમાં ડંખ માર્યો, પણ આપણે તો માણહ છીએ, અપણે થોડું એના જેવું થઈ જવાય ? જાનવર કોઈ દિવસ બદલાની ભાવના નથી રાખતું, બદલાનું ઝેર તો આપણી આંખો અને મનમાં હોય છે!’’ પોતાના પૌત્રનો ફોટો પણ દેખાડતી વખતે તેમની આંખમાંથી એક આંસુ ચૂપકેથી સરીને જમીન પર ટપકી પડ્યું. પોતાના કાળજાના કટકા જેવા પૌત્રના મૃત્યુ પછી પણ તેના માટે જવાબદાર જીવને સુરક્ષા બક્ષી શકનાર મધુબેન માટે ગમે તેટલા ઊંચા શબ્દો અને અભિવ્યક્તિઓ વાપરીએ તો પણ ઓછા ન પડે !!

કેટલી સરળ અને સહજ રીતે મધુબહેને આપણા વેદ-પુરાણોમાં વર્ણવાયેલું આટલુ મોટું તત્વજ્ઞાન કહી દીધું! મારી અનુભવયાત્રા દરમિયાન અનેક અનુભવોએ મને માણસની ઓળખ કરતાં, માણસની અંદર છુપાયેલી અચ્છાઈ અને બુરાઈઓના પણ ચહેરા દેખાડ્યા છે. મધુબેન અને તેના જેવા સર્વે જીવંત મનુષ્યોને લાખ લાખ વંદન પણ ઓછા જ પડે.

**હેન્ડબ્રેક :**

***હે સર્પ, તું તો કદી માનવ સમાજમાં રહ્યો નથી,***
***તો તારામાં આટલું ઝેર આવ્યું ક્યાંથી ?***

- અજ્ઞેય

Cell : 9978405967
- djtrivedi@gmail.com